# રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૧૨ નવા કેસ, ૨૭ના મોત

## ચોથા લોકડાઉનનાં અંત પહેલા સ્થિતિ વણસી : રાજ્યમાં કોરોના પોઝિટીવના ૧૬૩૫૬ કેસ : મૃત્યુ આંક ૧૦૦૭ : રાજ્યમાં કોરોનાનો આંકડો ૧૬૦૦૦ને પાર

ગાંધીનગર,તા.૩૦

ચોથા તબક્કાના લોકડાઉનની પુર્ણાહૂતિમાં હવે ૨૪ કલાકનું અંતર બાકી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૯ જિલ્લામાંથી વધુ ૪૧૨ રિપોર્ટ પોઝીટીવ મળતા ગુજરાતમાં કોવિડ-૧૯ના કેસો સોળ હજારને આંબીને ૧૬૩૫૬ થયો છે. જ્યારે અમદાવાદમાં ૨૪ અને ગાંધીનગર, બનાસકાંઠા અને મહેસાણામાં ૧-૧ વ્યક્તિના મોત નીપજતાં મોતનો આંકડો ૧૦૦૭ થયો છે.

રાજ્યમાં આજે વધુ ૬૨૧ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયા છે. આ સિવાય ૬૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે. કોરોનાએ ગુજરાતમાં માઝા મુકી છે. ચોથા લોકડાઉનના અંત થવાના ૨૪ કલાક બાકી છે. ત્યારે આજરોજ રાજ્યમાં વધુ ૪૧૨ દર્દીઓ ઉમેરાતા રાજ્યમાં કુલ પોઝિટીવનો આંકડો ૧૬ હજારને પાર કરી ૧૬૩૫૬ થયો છે. આજે વધુ ૨૭ વ્યક્તિઓના મોત થતાં રાજ્યમાં મોતનો આંકડો એક હજારને પાર કરી ૧૦૦૭ થયો છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૪, ગાંધીનગરમાં એક, બનાસકાંઠામાં એક અને મહેસાણામાં એક વ્યક્તિના મોત કોરોનાને લીધે થયા છે. રાજ્યમાં હાલ એક્ટીવ કેસ ૬૧૧૯ છે. જેમાં વેન્ટીલેટર પર ૬૨ અને સ્ટેબલ ૬૦૫૭ છે.

૯૨૩૦ને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. મૃત્યુ આંક ૧૦૦૭ છે. આજે અમદાવાદમાં ૨૮૪ કેસ સુરતમાં ૫૫, વડોદરામાં ૨૮, ગાંધીનગરમાં ૧૨, અરવલ્લીમાં ૬, બનાસકાંઠામાં ૩, રાજકોટમાં ૩, પંચમહાલમાં ૩, સાબરકાંઠામાં ૩, આણંદ, પાટણ અને જામનગરમાં ૨-૨ અને ભાવનગર અને મહીસાગરમાં ૧-૧ કેસ નોંધાયો છે.

રાજ્યમાં ૬૨૧ દર્દી સાજા થઈને ઘરે ગયેલ છે. જેમાં અમદાવાદમાં ૫૧૮ વ્યક્તિઓ આજે સારવાર લઈ ઘરે પરત ફર્યા છે. રાજ્યમાં અત્યાર સુધી ૨૦૫૭૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના જુદા જુદા જિલ્લામાં આજની તારીખે ૨૫૩૮૪૫ વ્યક્તિઓને કોવેરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૪૫૭૦૧ વ્યક્તિ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૮૧૪૪ વ્યક્તિોને ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. ૧૬મી મેના રોજ સાજા થવાનો દર રાજ્યમાં ૩૯.૨૦ ટકા હતો જે આજરોજ વધીને ૫૬.૪૩ ટકા થયો છે. જે દેશના અન્ય રાજ્યોની એવરેજ ૪૭.૪૦ ટકા કરતા વધારે છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૧૮૮૧ | ૮૨૨ | ૬૩૧૭ |
| સુરત | ૧૫૬૫ | ૬૭ | ૧૦૭૨ |
| વડોદરા | ૧૦૦૯ | ૩૯ | ૫૭૭ |
| ગાંધીનગર | ૨૬૧ | ૧૪ | ૧૫૦ |
| ભાવનગર | ૧૨૧ | ૦૮ | ૧૦૨ |
| બનાસકાંઠા | ૧૦૭ | ૦૫ | ૮૭ |
| આણંદ | ૯૯ | ૧૦ | ૮૨ |
| રાજકોટ | ૧૦૮ | ૦૨ | ૭૦ |
| અરવલ્લી | ૧૦૯ | ૦૩ | ૯૯ |
| મહેસાણા | ૧૧૨ | ૦૫ | ૭૩ |
| પંચમહાલ | ૮૫ | ૦૭ | ૭૦ |
| બોટાદ | ૫૯ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૧૧૫ | ૦૨ | ૪૧ |
| ખેડા | ૬૬ | ૦૪ | ૪૮ |
| પાટણ | ૭૮ | ૦૬ | ૬૨ |
| જામનગર | ૫૪ | ૦૨ | ૩૭ |
| ભરૂચ | ૩૮ | ૦૩ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૦૧ | ૦૩ | ૪૯ |
| ગીર-સોમનાથ | ૪૫ | ૦૦ | ૨૭ |
| દાહોદ | ૩૬ | ૦૦ | ૨૬ |
| છોટાઉદેપુર | ૩૩ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૦ | ૦૨ | ૪૩ |
| નર્મદા | ૧૮ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૩૫ | ૦૧ | ૧૧ |
| નવસારી | ૨૫ | ૦૦ | ૧૧ |
| જૂનાગઢ | ૨૯ | ૦૦ | ૧૬ |
| પોરબંદર | ૦૯ | ૦૦ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૩૩ | ૦૧ | ૧૪ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૨ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૯ | ૦૦ | ૦૨ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૬૩૫૬** | **૧૦૦૭** | **૯૨૩૦** |

## સાબરકાંઠામાં કોરોનાના વધુ ત્રણ કેસ પોઝીટીવ : આંકડો ૯૧ પર પહોંચ્યો

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો ખોફ છેલ્લા ત્રણ દિવસથી ઘટી રહ્યો હતો પરંતુ શનિવારે વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામમાં એક ૨૯ વર્ષીય યુવક તથા પરવઠ ગામમાં ૧૮ વર્ષીય યુવક તેમજ ઈડર તાલુકાના કાનપુર ગામમાં ૩૭ વર્ષીય પુરૂષનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના પોઝીટીવ કેસનો આંક ૯૧ પર પહોંચ્યો છે. જયારે ત્રણ દર્દીઓના મોત નિપજયા હતા. શનિવારે કોરોના સામેની લડાઈનો જંગ જીતી સારવાર બાદ સાજા થયેલા પાંચ દર્દીઓને રજા આપવામાં આવી હતી.

આ અંગે આરોગ્ય વિભાગના સુત્રોમાંથી જણાવાયા મુજબ જિલ્લાના તમામ તાલુકાઓમાં કોરોનાએ ભરડો લીધો હોવાને કારણે ઓછાવત્તા પ્રમાણમાં લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. દરમિયાન કોરોનાથી વધુ સંક્રમણ ન થાય તે માટે સરકાર દ્વારા અત્યાર સુધીમાં ચાર વખત લોકડાઉન અમલી બનાવાઈ રહ્યુ છે. જેના લીધે જિલ્લામાં ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા હોય તેવી સ્થિતિમાં છે. જોકે લોકડાઉનમાં અપાયેલી છૂટછાટ બાદ થોડુક જનજીવન ધબકતુ થઈ રહ્યુ છે. જેના લીધે બજારોમાં ચહલપહલ જોવા મળી રહી છે. દરમિયાન શનિવારે વિજયનગર તાલુકામાં આવેલ પરવઠ ગામમાં ૧૮ વર્ષીય યુવક અને કોડીયાવાડા ગામના ૨૯ વર્ષીય યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જયારે ઈડર તાલુકાના કાનપુર ગામના ૩૭ વર્ષીય પુરૂષમાં પણ શંકાસ્પદ લક્ષણો જણાતા તેને તબીબો દ્વારા લેબ પરીક્ષણ કરવાનો નિર્ણય કરાયો હતો. જેનો રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. આમ હવે જિલ્લામાં આદિવાસી વિસ્તારના ગામડાઓમાં પણ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે છુટથી બજારમાં કારણ વગર ફરતા લોકોએ સાવચેતી રાખવાની જરૂર છે. નહીંતર આગામી દિવસોમાં કોરોનાની સંખ્યામાં ચિંતાજનક વધારો થાય તો નવાઈ નહી.

## ૨૪ કલાકમાં પાંચ લોકો કોરોના પોઝેટીવ અરવલ્લીમાં સાત કોરોના પોઝેટીવ સાથે ૧૧૮ પર પહોંચ્યો

મોડાસા, તા. ૩૦

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. આરોગ્યતંત્રએ કોરોનાના ટેસ્ટ કરવાનું ઓછું કરી દીધું હોવાના આક્ષેપ વચ્ચે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોડાસા શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ લોકો કોરોનાગ્રસ્ત બનતા ૩૭ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે જેમાં મોડાસા શહેરના યુવક અને એક વૃદ્ધને કોરોના ભરખી ગયો છે. મોડાસા શહેરમાં કોરોનાના કહેરથી લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે, ભિલોડા તાલુકાના રાનીઓડ અને સાતરડા ગામે એક એક કોરોના પોઝેટીવ કેસ નોંધવાની સાથે જીલ્લામાં ૧૧૮ લોકો અત્યાર સુધી કોરોનાગ્રસ્ત બન્યા છે. મોડાસા શહેરમાં ૪ કોરોના પોઝેટીવ દર્દીઓ મળી આવ્યા તે વિસ્તારમાં થર્મલ સ્કીનીંગ હાથ ધરાયું હતું અને નગરપાલિકા તેમજ આરોગ્ય




વિભાગ દ્વારા સર્વેલન્સ સહિત સેનેટાઈઝેશન કામગીરી હાથ ધરાઈ હતી.

અરવલ્લી જિલ્લામાં લોકડાઉનની અમલવારીના ૨૩મા દિવસે પ્રથમ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો હતો અને પછી તો જેમ જેમ જિલ્લા અને રાજય બહારથી લોકો જિલ્લામાં આવતા ગયા એમ જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધતુ જ ગયું અને છેલ્લા ૪૫ દિવસોમાં જ જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓના આંક ૧૧૮ દર્દીએ પહોંચ્યો હતા. મોડાસા શહેરમાં ૩૭ દર્દીઓ કોરોના પોઝીટીવ, તાલુકાના ૧૯ મળી કુલ ૧૧૮ દર્દીઓ પૈકી ૫૬ દર્દી તો માત્ર મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જ નોંધાયા છે.

એક તરફ સરકાર લોકડાઉન-૪માં રાહત આપી છે અને બીજી બાજુ કેસોમાં વધારો થતો જાય છે ત્યારે સરકાર માટે પણ હવે આકરી કસોટી છે. હાલ તો અરવલ્લીના આરોગ્યતંત્રમાં દોડધામ મચી છે. બીજી બાજુ વહીવટી તંત્ર દ્વારા મોડાસા કોરોનાગ્રસ્ત વિસ્તારોને અને જિલ્લાના અન્ય કોરોના પોઝેટીવ દર્દીઓના વિસ્તારને કન્ટેઈમેન્ટ એરીયા તરીકે જાહેર કરી દીધો છે અને આરોગ્ય તંત્રએ સર્વેની કામગીરી હાથ ધરી છે.

## પેરિસ, મોસ્કો, બેલેરુસથી ભારતીયોને સ્વદેશ લવાયા

વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે શરૂ કરાયેલા મિશન વંદે ભારત અંતર્ગત બુધવારે પાંચ ફ્લાઈટમાં ભારતીય નાગરિકો અમદાવાદ પહોંચ્યા હતા. તમામના મેડિકલ ચેકઅપ કરાયા બાદ તેમને પસંદગીના ક્વોરેન્ટાઈન સેન્ટર પર રવાના કરવામાં આવ્યા હતા. મિશન વંદે ભારત અંતર્ગત વિદેશથી ભારતીય નાગરિકોને લાવવાનો અભિયાન હજુ યથાવત છે. કોરોનાની મહામારીને લઈને દુનિયાભરના ઘણા દેશોમાં લોક ડાઉન કરી દેવામાં આવ્યું છે. ભારત સહિત મોટાભાગના દેશોમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ રદ કરી દેવામાં આવી હતી.જેને કારણે વિદેશથી ભારતમાં આવેલા લોકો ભારતમાં ફસાઈ ગયા હતા જ્યારે ભારતથી વિદેશ ગયેલા લોકો જે તે દેશમાં ફસાઈ ગયા હતા. જેને કારણે અમેરિકા યુ.કે કેનેડા જાપાન સહિતના દેશની સરકારે ભારતમાંથી તેમના નાગરિકોને પરત લઈ જવા માટે વ્યવસ્થા કરી હતી. હવે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત ભારત લાવવા માટે ભારત સરકારે મિશન વંદે ભારત અભિયાન શરૂ કર્યું છે જેમાં હજારો ભારતીય નાગરિકોને પરત ભારત લાવવામાં આવી રહ્યા છે.

## અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખે મુખ્યમંત્રીને ઈ-મેલ મારફતે પત્ર પાઠવ્યો

ભિલોડા, તા.૩૦

અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખએ મુખ્યમંત્રીને ઈ-મેલ મારફતે પત્ર પાઠવ્યો છે. કેવડીયા કોલોની વિસ્તારના ૧૪ ગામોના આદિવાસીઓની જમીનો હડપવા કરાતા અત્યાચાર વિરૂધ્ધ લેખિતમાં ધારદાર રજુઆત અન્વયે પત્ર પાઠવ્યો છે. અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ કે. પારઘીએ જણાવ્યું હતું કે કોરોના વાઈરસની મહામારીથી ભારત દેશ અને ગુજરાત રાજ્યના ગરીબ, શ્રમજીવી, મધ્યમ વર્ગના લોકો આર્થિક રીતે હાલના તબક્કે હેરાન પરેશાન થઈ રહ્યા છે.

સરદાર સરોવર નિગમ ધ્વારા નર્મદા જીલ્લાના કેવડીયા કોલોની વિસ્તારના ૧૪ ગામોના આદિવાસી વિસ્તારના લોકોની જમીનો ખાલી કરાવાઈ છે.આદિવાસી લોકોની જમીનો ખાલી કરાવતો વિડીયો જોઈ હું ખુબ દુઃખી થયો છું.

આદિવાસી સમાજના લોકો પર અત્યાચાર કરી રહેલા અધિકારીઓ સામે સરકારએ તાત્કાલીક પગલા ભરવા જોઈએ તેમ આદિવાસી સમાજના સામાજીક કાર્યકર્તા તરીકે માંગણી કરૂ છું. વહીવટી તંત્રના અધિકારીઓએ ગ્રામ પંચાયતના સરપંચો, આગેવાનોની સંમતિ વિના, અગાઉથી જાણ કર્યા વગર લૉકડાઉનનો ભરપુર લાભ ઉઠાવી માપણી કાર્ય, ફેન્સિંગ વાડ કરાઈ હોઈ ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે જાણે કે કરફ્યું લાગ્યો હોય તેમ પોલીસને તૈનાત કરી દેવાઈ હતી. આદિવાસી સમાજના આગેવાનો સમાજના હક્કો માટે શાંતિપુર્ણ રીતે ગાંધી ચિંધ્યા માર્ગે રજુઆત કરવા છતાં તેમના પર ખોટા કેસો કરાવાયા છે. ભારે નારાજગી વ્યક્ત કરી કેવડીયા કોલોનીના આદિવાસી વિસ્તારના ગામોને ન્યાય આપવા સંદર્ભે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ઈ-મેલ મારફતે પત્ર પાઠવ્યો હતો. અમારી માંગણી સંદર્ભે યોગ્ય નિર્ણય રાજ્ય સરકાર ધ્વારા લેવામાં નહીં આવે તો હક્ક મેળવવા આદિવાસી સમાજ ધ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાનું રણશિંગુ ફુંકાઈ રહ્યું છે. સ્ટેચ્યું ઓફ યુનિટી વિસ્તારમાં આદિવાસીઓ ઉપર થયેલ અત્યાચાર વિરૂધ્ધ જલદ્ આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી હતી.

## બનાસકાંઠાના વધુ કોવિડ પોઝિટીવ બે સગર્ભા માતા દર્દીઓ સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી નવજાત શિશુઓ સાથે ઘરે પરત

બન્ને માતાઓને કોવિડ હોસ્પિટલમાં નોર્મલ પ્રસૂતિ કરાવવામાં આવી હતી : તાજા જન્મેલ બે શિશુઓએ કોવિડ હોસ્પિટલમાં જન્મ બાદ જીવનના

તા. ૩૦-૫-૨૦૨૦ના રોજ બનાસકાંઠાના વડગામ તાલુકાના મેતા ગામના ૧ સગર્ભા માતા અને તે જ તાલુકાના વેસા ગામના ૧ સગર્ભા માતા કોવિડ બીમારીમાંથી દર્દીઓ સ્વસ્થ થતા તેઓને રજા આપવામાં આવેલ છે. આજે ૨ દર્દીઓને રજા અપાતા રીફર કરેલ ૨ દર્દીઓ બાદ કરતા ૮૩ પૈકી કુલ ૭૬ એટલે કે ૯૨ ટકા દર્દીઓ




પહેલા શ્વાસ લઈને બતાવ્યું કે જીવન જીતે છે, કોવિડ નહી

બનાસકાંઠામાં ૧૦૭ કેસ કોરોના પોઝીટીવ છે તેમાંથી કુલ ૮૫ દર્દીઓને બનાસ મેડિકલ કોલેજ કોવિડ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ છે. ભણસાલી હોસ્પિટલ ડીસા ખાતે ૧૩ અને ધારપુર મેડિકલ કોલેજ ખાતે ૨ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે. જયારે ૭ દર્દીઓ ઘરે સારવાર હેઠળ છે.

અગાઉ તબક્કાવાર ૭૪ આ સંક્રમણમાંથી સ્વસ્થ થઈ ગયા છે. સાજા થઈને ઘરે જઈ રહેલા દર્દીઓ બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલની સેવાથી પ્રસન્ન જોવા મળેલ છે. બનાસ મેડિકલ કોલેજ કોવિડ હોસ્પિટલની પદ્ધતિસર સારવાર અને સ્ટાફનું આત્મીયતાભર્યું વર્તન અને પોષણ યુક્ત આહાર અને આયુર્વેદના સહાયક ઉપયોગથી બનાસકાંઠાના કોરોના દર્દીઓમાં સાજા થવાનું પ્રમાણ સારું રહ્યું છે.

સ્વસ્થ થતા તેઓને નવજાત શિશુઓ સાથે રજા આપવામાં આવી છે. એ નોંધનીય છે કે બન્ને માતાઓને પ્રસૂતિ પણ અત્રેની કોવિડ હોસ્પિટલમાં જ કરાવવામાં આવી હતી. બન્નેને સામાન્ય પ્રસૂતિ થયેલ જેના માટે મેડિકલ કોલેજના પ્રસૂતિ વિભાગ દ્વારા કોવડ હોસ્પિટલમાં અલગ વિશેષ વ્યવસ્થા કરવામાં આવેલ છે. બન્ને નવજાત શિશુઓ પણ સ્વસ્થ છે.

## હવે, મલ્ટિપ્લેક્સ મોલિકોના થિયેટર ચાલુ કરાવા ધમપછાડા

### ટેક્સ સહિતની અન્ય રાહતો આપવા રજૂઆત : વર્ષોથી ધૂમ કમાણી કરતા માલિકોએ કર્મચારીઓના પગાર ૭૦ ટકા સુધી આપવા સરકારની મંજૂરી માગી

અમદાવાદ, તા. ૩૦

કોરોનાની મહામારીને લઈને છેલ્લા બે મહિનાથી દેશભરમાં વ્યાપાર ધંધા ઉદ્યોગો બંધ હતા જ્યારે થિયેટર અને મલ્ટિપ્લેક્સ તો હજુ સુધી બંધ છે. ત્યારે જ ગુજરાત મલ્ટિપ્લેક્સ એસોસિએશન દ્વારા સરકાર સમક્ષ હવે થિયેટરો શરૂ કરવાની મંજૂરી આપવા માટે રજૂઆત કરવામાં આવી છે સાથે-સાથે આ વ્યવસાય સાથે સંકળાયેલાઓને બહુ જ મોટું નુકસાન થયું હોવાથી તેમને ટેક્ષ સહિતને મુદ્દે રાહત આપવા પણ રજૂઆત કરવામાં આવી છે. મલ્ટિપ્લેક્સ એસોસિએશનના મનુ પટેલે જણાવ્યું હતું કે સામાન્ય રીતે ઉનાળુ વેકેશનમાં થિયેટરોમાં રજૂ થતી નવી ફિલ્મોને લઈને ખાંસી આવક થતી હોય છે જ્યારે ચાલુ વર્ષે મહામારીને લઈને છેલ્લા બે મહિનાથી અમદાવાદ સહિત ગુજરાતભરના તમામ થિયેટર અને મલ્ટિપ્લેક્સ બંધ છે જેને કારણે કોઈ આવક થઈ નથી. સાથે-સાથે થિયેટર માલિકો ઉપર તમામ પ્રકારના ટેક્સ અને કર્મચારીઓના પગાર તથા થિયેટરના મેન્ટેનન્સના ખર્ચા તો ઊભો જ છે. માટે હવે સરકાર દ્વારા ધીરે ધીરે વેપાર-ધંધા ઉદ્યોગો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી રહી છે ત્યારે થિયેટરો અને મલ્ટીપ્લેક્સ પણ શરૂ કરવા માટે સરકાર મંજૂરી આપે તે જરૂરી છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે છેલ્લા બે મહિનાથી થિયેટર માલિકોને કોઈ જ આવક થઈ નથી માટે સરકારે તેમને તમામ પ્રકારના ટેક્સમાં રાહત આપવી જોઈએ સાથે-સાથે કર્મચારીઓને પુરા પગારને બદલે ૭૦ ટકા સુધીનો પગાર આપવા માટે મંજૂરી આપવી જોઈએ.

### મોટા ગાબડા...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકોને ડગલે ને પગલે જોખમી સ્થિતિનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાય છે. વરસાદી દિવસો નજીકમાં છે. શહેરના નાગરિકોએ માર્ગ સલામતીના મામલે વધુ સાવધ રહેવુ પડે તેવી સ્થિતિ છે. એકબાજુ કોરાનાના કહેર વચ્ચે પણ પ્રજાલક્ષી કામગીરી શરૂ થઈ શકે તે માટે સરકારી કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે. સરકાર જરૂરી માળખાગત સુવિધાના તેમજ વિકાસ કામોને ધીમે ધીમે વેગ મળે તે માટે પ્રયત્નશીલ છે. ત્યારે સ્માર્ટ સીટીની યાદીમાં આવતા ગાંધીનગરમાં કામ કરવાનો સ્માર્ટ અંદાજ પણ કોર્પોરેશનના અધિકારીઓએ શીખવો પડશે. તેમ પણ સ્થાનિક નાગરિકોનુ માનવુ છે.

### શહેરમાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્ર દ્વારા સે. ૯ માં સેનીટાઈઝેશનની કામગીરી કરી અને દર્દીના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ જોન જાહેર કરવા અંગેની કામગીરી હાથ ધરી છે એટલુ જ નહિ આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવાના આદેશો આપ્યા છે. સે. ૨૯ માં ગઈકાલે મળેલ એક મહિલા દર્દી બાદ આજે આજ સેક્ટરમાં આવેલ 'જ' ટાઈપ વિસ્તારમાંથી એક યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ જ પ્રમાણે સે. ૨૮ માંથી પણ એક મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્ર દ્વારા આ સેક્ટરોમાં સઘન સર્વેલન્સના આદેશ આપવામાં આવ્યા છે તેમજ દર્દીઓના ઘરની આસપાસના વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે હાલ ૬૪૪ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. જેમાં ૩૫૯ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ તો ૨૮૫ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવેલ છે.

### સંબંધોનો અંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીન પર તીખો હુમલો કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે કોરોના વાઈરસના સંદર્ભે ચીની અધિકારીઓએ વિશ્વ આરોગ્ય સંસ્થાને રિપોર્ટિંગની પોતાની જવાબદારીને નજરઅંદાજ કરી છે અને વિશ્વને ગેરમાર્ગે કરીને વિશ્વ આરોગ્ય સંસ્થા પર દબાણ આણ્યું હતું.ચીનમાં પહેલી વાર થયેલી કોરોના વાઈરસની ઓળખ પછી અત્યાર સુધી લાખ્ખો લોકોનાં મોત થયાં છે અને બહુ ભારે આર્થિક નુકસાન થઈ ચૂક્યું છે. વાઈટ હાઉસમાં ઉચ્ચ અધિકારીઓની સાથે મિડિયા સમક્ષ ટ્રમ્પે કહ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંસ્થા પર ચીનનું સંપૂર્ણ નિયંત્રણ છે. જ્યારે ચીન વિશ્વ આરોગ્ય સંસ્થાને માત્ર ચાર કરોડ ડોલરનો ફાળો આપે છે, જ્યારે અમેરિકા ૪૫ કરોડ ડોલરનો ફાળો આપે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વહીવટમાં સુધારાનો હવાલો આપતાં તેમણે કહ્યું હતું કે આ બાબતે જરૂરી સુધારાને લાગુ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા, પરંતુ અમારી વિનંતી પર કોઈએ ધ્યાન ના આપ્યું અને ના તો જરૂરી સુધારાઓ પર કોઈ કાર્યવાહી કરવામાં આવી.

### જંગ જીતીને

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે જ હૉકર્સ અને અન્ય દેશવાસીઓને અસાધારણ વેદના સહન કરવી પડી છે. '

પીએમ મોદીએ તેમની સરકારની કામગીરીની વિસ્તૃત માહિતી પણ આપી છે. તેમણે કહ્યું, 'રાષ્ટ્રીય હિતમાં લેવામાં આવેલા ઐતિહાસિક પગલાં અને નિર્ણયો વિશે આ પત્રમાં માહિતી આપવું બહુ વધારે થશે. પરંતુ હું એ ચોક્કસ કહી શકું છું કે આ વર્ષના દરેક દિવસે મારી સરકારે ચોવીસ કલાક પૂરી તાકાત અને જોશની સાથે નિર્ણયોને લાગૂ કર્યા છે.

પીએમ મોદીએ સર્જિકલ અને એર સ્ટ્રાઈક જેવા પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે સુપ્રીમ કોર્ટના રામ મંદિર અને નાગરિકતા સંશોધન કાયદાનો ઉલ્લેખ કર્યો હતો. પીએમએ કહ્યું કે રામ મંદિર અંગેના સર્વાનુમતે ચુકાદાને લીધે સદીઓથી ચાલી રહેલી ચર્ચાનું સૌહાર્દપૂર્ણ સમાપન થયું છે. ટ્રિપલ તલાકને બર્બર પ્રથા ગણાવી પીએમ એ એમ પણ કહ્યું હતું કે ગયા વર્ષે તે ગેરકાયદેસર હતું. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ની જોગવાઈઓને હટાવા અંગે પત્રમાં કહ્યું કે "આનાથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવના મજબૂત થઈ છે".

પીએમ મોદીએ પત્રમાં કહ્યું કે લોકોએ તેમને સતત બીજી વાર એટલા માટે તક આપી કે જનતા પ્રથમ દાવમાં કરવામાં આવેલા કામોને મજબૂતીનો આધાર આપવા માંગતી હતી. પીએમએ લખ્યું કે, '૨૦૧૪ અને ૨૦૧૯ ની વચ્ચે ભારતમાં ઝડપથી વિકાસ થયો છે. ગરીબોના ઉત્થાનનું કામ કરવામાં આવ્યું છે. દેશે આર્થિક સમાવેશના રૂપમાં મફત ગેસ, વીજળી જોડાણ, સંપૂર્ણ સ્વચ્છતા ઉપરાંત દરેકને ઘર પૂરું પાડવાની દિશામાં કામ થયું છે.

પીએમએ લખ્યું કે ભારતે સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક દ્વારા પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું છે. પીએમ મોદીએ કહ્યું છે કે આની સાથે વન રેક વન પેન્શન (ઓઆરઓપી), વન નેશન વન ટેક્સ (જીએસટી) અને ખેડૂતો માટે વાજબી ટેકાના ભાવ જેવી પેન્ડિંગ માંગણીઓ પણ પૂર્ણ કરવામાં આવી છે.

૨૦૧૯ ની ચૂંટણીનો ઉલ્લેખ કરતા વડા પ્રધાને કહ્યું કે, '૨૦૧૯ માં ભારતની જનતાએ માત્ર સ્થિરતા માટે મત આપ્યો ન હતો. દેશવાસીઓએ ભારતને નવી ઉંચાઈ પર લઈ જવાના સપના સાથે ભારતને વૈશ્વિક નેતા બનાવવા માટે પણ મત આપ્યો.

કોરોના વિરુદ્ધ ભારતનાં જંગનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું કે એકબાજુ જયાં મોટા આર્થિક સંસાધનો અને કાર્યક્ષમ હેલ્થકેર સિસ્ટમવાળી તાકાતો હતી, તો બીજી તરફ આપણા દેશમાં મોટી વસતી અને મર્યાદિત સંસાધનની મુશ્કેલીઓ હતી. ઘણા બધા લોકોને ડર હતો કે એકવકત કોરોનાની ઝપટમાં આવ્યા બાદ ભારત દુનિયા માટે સમસ્યા બની જશે. પરંતુ તમે દુનિયાની આ વિચારસરણીને બદલી નાંખી.

પીએમ મોદીએ કહ્યું, 'આપણે એ વાતનું ધ્યાન રાખવું પડશે જે અસુવિધા આપણે ઝીલી રહ્યા છીએ, તે કોઈ આપત્તિમાં ન ફેરવાય. તેથી દરેક ભારતીય માટે નિયમો અને માર્ગદર્શિકાનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. દેશ એ અત્યાર સુધી ધૈર્ય બતાવ્યું છે અને તેને આગળ પણ જાળવી રાખવું જોઈએ. આ સૌથી મોટું કારણ છે કે ભારત આજે બીજા ઘણા દેશો કરતા વધુ સુરક્ષિત છે. તે એક લાંબી લડાઈ છે પરંતુ આપણે વિજયના માર્ગ પર આગળ વધવાનું શરૂ કર્યું છે અને આ વિજય આપણા સામૂહિક પ્રયાસોથી પ્રાપ્ત થશે.